# સાબરકાંઠા-બનાસકાંઠામાં ઉતરતા શિયાળે ચોમાસુ

## વાવાઝોડા સાથે જોરદાર પવન ફુંકાયો, પવનના લીધે પાકેલા ઘઉં જમીનદોસ્ત થઈ જતા ખેડૂતોને વ્યાપક નુકસાન હિંમતનગર, પ્રાંતિજ સહિતના અન્ય સ્થળે કમોસમી વરસાદ થતા લોકોના જીવ પડીકે બંધાયા

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લામાં હવે તો ગમે ત્યારે વાતાવરણમાં પલ્ટો આવી જાય છે ત્યારે તેને ગ્લોબલ વોર્મિંગની અસરો સમજીને લોકો ખાસ ચિંતા



કરતા નથી. દરમ્યાન સોમવારે અને મંગળવારે વાતાવરણમાં આવેલા પલ્ટાને લોકોને હચમચાવી દીધા છે. દરમ્યાન મંગળવારે સાંજના સુમારે વાતાવરણમાં આવેલા પલ્ટાને લઈને જોરદાર વાવાઝોડા અને ગાજવીજ બાદ સાંજના સુમારે એકાએક ઉત્તર દિશામાંથી જોરદાર પવન સાથે ધુળની ડમરીઓ ઉડવાનું શરૂ થઈ ગયું હતું. જેના લીધે જિલ્લામાં આકાશ ધૂંધળુ બની ગયુ હતુ. ત્યારબાદ તરત જ જોરદાર પવન સાથે વરસાદના છાંટા શરૂ થઈ ગયા હતા અને તરત જ હિંમતનગરમાં અનેક ઠેકાણે કલાકો સુધી વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો. વરસાદને લીધે હિંમતનગર તથા અન્ય વિસ્તારોમાં ચાલુ રહ્યો હોવાને કારણે કાચા મકાનના છાપરા ઉડી જવા પામ્યા હતા. જોકે વરસાદ અને વાવાઝોડાને લીધે જિલ્લામાં કોઈ જાનહાની થઈ ન હોવાનું ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી પ્રાથમિક માહિતીમાં જણાવાયુ છે.

જિલ્લામાં પડેલા કમોસમી વરસાદને લીધે હિંમતનગરમાં અનેક ઠેકાણે મંડપો પવનના લીધે ફંગોળાઈ ગયા હતા જેના લીધે



### ખેડબ્રહ્મામાં વાતાવરણમાં પલટો, કમોસમી વરસાદ, છાંટા પડ્યા

ખેડબ્રહ્મામાં મંગળવાર સાંજના અચાનક વાતાવરણમાં પલટો આવી વાવાઝોડું ફૂંકાયુ હતુ અને રસ્તા પર ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. થોડીવાર ફૂંકાયેલ પવનથી વરસાદના છાંટા પડ્યા હતા. ખેડૂતોના જીવ તાળવે ચોટ્યા હતા.



### અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ભારે પવન સાથે કમોસમી વરસાદ : રાજેન્દ્રનગર ચોકડી પાસે ઝાડ ધરાશાયી

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વાતાવરણમાં ભારે પલ્ટા સાથે આકાશે વાદળો ગોરંભાયા પછી સાંજના સુમારે સુસવાટા મારતા પવનો સાથે કમોસમી ધોધમાર વરસાદ પડતા મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર ઝાડ પડી જતા વાહનવ્યવહાર અટવાયો હતો કમોસમી વરસાદથી ખેતરમાં ઉભા રવિ પાકને ભારે નુકસાનનો ભય પેદા થતા ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી હતી. કમોસમી વરસાદથી વાતાવરણમાં શીત લહેર પ્રસરતા ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. સાયક્લોનિક સરક્યુલેશનની અસર હેઠળ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં મા મહિનામાં ભાદરવા જેવો માહોલ જોવા મળ્યો હતો. મંગળવારે સાંજના સુમારે પવનના સુસવાટા અને કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. ખેતરમાં લહેરાતો રવિ પાક પવનની તીવ્ર ગતિ અને વરસાદના પગલે ધરાશાયી થતા ખેડૂતો માટે કમોસમી વરસાદે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જ્યો છે. ઘઉં, દિવેલા, વરિયાળી, તરબૂચ સહિતની ખેતી સતત પડતા વરસાદથી નષ્ટ થઈ જવાની ભીતિથી જગતનો તાત ચિંતામાં સારી પડ્યો હતો. ખેતરોમાં ઘઉંની સીઝનમાં ઘઉં પાકીને ખેતરમાં ઉભા હતા તે વરસાદ અને પવનની ગતિના લીધે જમીનદોસ્ત થતા ખેડૂતો પાયમાલ થવાની અને દેવાના ડુંગર તળે દટાઈ જશે. મોડાસા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા હતા.

સાથે વરસાદ શરૂ થતા દોડધામ મચી જવા પામી હતી. જેને લઈને સાબરકાંઠામાં ઉતરતા શિયાળામાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. કમોસમી વરસાદને લીધે ઘઉંના પાકનો સોથ વળી ગયો છે.

સાબરકાંઠા જિલ્લામાં સોમવારે રાતથી વાતાવરણમાં આવેલા પલ્ટાને લીધે આકાશ વાદળછાયું બની ગયું હતું. બપોર સુધીમાં વાદળછાયા વાતાવરણ આસપાસના ગામડાઓમાં રોડ ભીના થઈ ગયા હતા.

જિલ્લામાં પડેલ કમોસમી વરસાદને કારણે અંદાજે ૧૫ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં વાવેતર કરાયેલ ઘઉંનો પાક જમીનદોસ્ત થઈ જતા ખેડૂતોને વ્યાપક નુકશાન થવાની શક્યતા સેવાઈ રહી છે. મંગળવારે સાંજના સુમારે પડેલો વરસાદ ઈડર, પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના સહિતના લોકોના શુભ પ્રસંગોમાં વિક્ષેપ સર્જાયો હતો. જિલ્લામાં કમોસમી વરસાદ કરતા વાવાઝોડાને લીધે વધુ નુકશાન થવા પામ્યુ છે. જોકે સાંજે ૬.૩૦ વાગ્યાના સુમારે વાવાઝોડુ અને વરસાદ બંધ ઈ ગયો હોવા છતાં આકાશ વાદળોથી ગોરંભાયેલુ રહ્યુ હતુ જેના લીધે કદાચ વાતાવરણ રાત્રે અથવા તો બુધવારે તેની રૂખ બદલે તો નવાઈ નહી.



### પ્રાંતિજ સહિત તાલુકામાં કમોસમી વરસાદ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત વિસ્તારોમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને તેજ પવન બાદ ધૂળની ડમરીઓ ઉડી હતી અને બાદમા ધીમીધારે કમોસમી વરસાદ પડયો હતો. પ્રાંતિજ સહિત વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા પહેલાં કાળા વાદળો ધસી આવ્યા હતા અને અંધારપટ છવાયો હતો અને બાદમાં એકદમ તેજ પવન ફુંકાતા ચડી આવેલ કાળા વાદળો વિખરાઈ ગયાં હતા અને ધૂળની ડમરીઓ ઉડી હતી. પવન ફુંકાતા કેટલી જગ્યાએ હોર્ડીંગ્સ બોર્ડ ઉડ્યા હતા. ધીમીધારે કમોસમી વરસાદ પડતાં ધરતી પુત્રોમા નારાજગી જોવા મળી હતી અને કપાસ, વરીયાળી, ઘઉં, શાકભાજી ઉપર કમોસમી વરસાદને લઈને ખેડૂતોને મોટી નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે.

## પ્રાંતિજના રણછોડપુરા ખાતે શિક્ષિકાની પોલીસ ધમકી બાદ શાળાના તાળા ખુલ્યા

**બે દિવસથી વાલીઓ બાળકોને શાળામાં નથી મોકલતા : બાળકોના અભ્યાસની સાથે ભાવી ઉપર માઠી અસર : ગ્રામજનોની ઉગ્ર રજુઆત છતાં તંત્ર મગના માથે મરી નથી મુકતુ**

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રણછોડપુરા ખાતે ફરી નવ મહિના બાદ પ્રાથમિક શાળાને તાળાબંધી બાદ શાળાનો વિવાદ વકર્યો છે અને શિક્ષિકાની પોલિસ ફરીયાદની ધમકી બાદ વાલીઓ તથા ગ્રામજનોએ શાળાના તાળા તો ખોલ્યા પણ લઈને પોલીસ ફરીયાદની ચિમકી ઉચ્ચારતા ગ્રામજનો તથા વાલીઓ દ્વારા શાળાને મારેલ તાળાં ખોલી દીધાં હતાં પણ બે દિવસથી રણછોડપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ અર્થે આવતા બાળકોને વાલીઓ તથા ગ્રામજનો બાળકોને શાળામાં મોકલતા નથી અને શાળાના વર્ગખંડો હાલ તો હઠાગ્રહ સામે પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો પિસાઈ રહ્યાં છે અને તેવોના અભ્યાસની સાથે ભાવી ઉપર પણ મોટી અસર થવા પામી છે. ત્યારે ગ્રામજનો અને વાલીઓની નામજોગ એકજ ફરીયાદ માંગ છે કે અમારે આ શાળામાં જે શિક્ષિકા સંગીતાબેન છે તેમની જરૂર નથી અને જો તંત્ર દ્વારા



વાલીઓ બાળકોને શાળામાં મોકલતા નથી અને બાળકોના સર્ટીની માંગ કરી રહેલ છે.

પ્રાંતિજના રણછોડપુરા પ્રાથમિક શાળાનો મામલો પુન નવ મહિના બાદ ઉપસ્થિત થતાં વાલીઓ તથા ગ્રામજનો દ્વારા ફરી શાળાને તાળાબંધી કરી હતી. પણ શાળાની શિક્ષિકાઓએ તાળાબંધીને વિદ્યાર્થીઓ વગર ખાલીખમ રહે છે. તો બાળકો શાળાએ ના જતાં શાળા ટાઈમ દરમ્યાન ઘરે કે ફળીયામા ગામમાં રખડતાં જોવાં મલ્યા હતા. કેટલાક બાળકો તો અભ્યાસના સમયે ગીલ્લી ડંડો રમતાં જોવાં મલ્યા હતા તો હાલ તો શિક્ષણ વિભાગની ઢુસ અને ગ્રામજનો અને વાલીઓની આ અંગે તાકિદે કોઈ નિર્ણય નહીં લેવાય તો આવનાર દિવસોમાં ગાંધીચિંધ્યા માર્ગે જવાની જવાની ચિમકી ઉચ્ચારી છે. સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જયેશ પટેલ પણ શાળામાં દોડી આવ્યા હતા અને સમાધાનના પ્રયાસો કર્યા હતા પણ ગ્રામજનોના હઠાગ્રહને લઈને તેવો પણ પરત ફર્યા હતાં.

## વાંચવા ઘરે જવું છું તેમ કહી નીકળેલ યુવકે આત્મહત્યા કરતા ચકચાર

ડીસા તાલુકાના માલગઢ ગામના ૨૫ વર્ષના યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે આ યુવક માનસિક બીમારી ની દવાઓ છેલ્લા બે વર્ષથી લઈ રહ્યો હતો આ અંગે તાલુકા પોલીસે એડી નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસા તાલુકાના માલગઢ જોધપુરીયાઢાણી ગામ ખાતે રહેતા શંકરલાલ ગેલોત ખેતી કરીને ગુજરાન ચલાવે છે તેઓના ગૃહસ્થી દરમિયાન બે પુત્ર અને ત્રણ પુત્રીઓ અવતર્યા હતા કેમ નો સૌથી નાનો પુત્ર રવિન્દ્રકુમાર ગેલોત છેલ્લા બે વર્ષથી માનસિક બીમાર હોવાથી દવાઓ લઈ રહ્યો હતો જોકે સમગ્ર પરિવાર તેમના ફાર્મ હાઉસ ઉપર રહેતા હતા સોમવારે સાંજે તેમનો પુત્ર રવિન્દ્ર ગેલોત તેમનો જોધપુરીયાઢાણી ખાતે આવેલ મકાનમાં વાંચવા જવું છું તેમ કહી ગયો હતો જોકે મોડી રાત્રે તેને છત ના લાકડા ઉપર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી વહેલી સવારે પરિવારને જાણ થતા તત્કાલ ઘટના સ્થળે દોડી આવ્યો હતો બાદમાં મૃતકની લાશને ડીસા સિવિલ પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી.

પોકમાં વાયુસેનાની એર સ્ટ્રાઈકના પગલે

## શામળાજી-રતનપુર સરહદ પર સઘન સુરક્ષા તૈનાત

મોડાસા, તા. ૨૬

પુલવામા હુમલાના ૧૨ દિવસ પછી ભારતીય વાયુસેનાએ સીમા પર છૂપાયેલા જૈશ-એ-મોહમ્મદનાં આતંકીઓના કેમ્પ પર હાઈ એલર્ટ અપાતા અરવલ્લી જીલ્લાની શામળાજી-રતનપુર બોર્ડર પર જીલ્લા પોલીસવડા મયુર પાટીલની સૂચનાના આધારે શામળાજી પોલીસે સઘન સુરક્ષા શામળાજી સરહદ પર રાજસ્થાન અને ઉત્તરાર્ધમાંથી આવતા તમામ વાહનોનું પીઆઈ એમ.પી. ચૌહાણે અને તેમની ટીમે રાઉન્ડ ધી ક્લોક ચુસ્ત પોલીસ બંદોબસ્ત



ઉંઘમાં જ ખાત્મો બોલાવી દેવા એરફોર્સ તરફથી મિરાઝ-૨૦૦૦ ફાઈટર પ્લેનમાંથી ૧૦૦૦ કિલોના બોમ્બ ફેંક્યા હતા. પીઓકેમાં ભારતીય વાયુસેના દ્વારા કરાયેલી કાર્યવાહીના પગલે ગુજરાતમાં ગોઠવી રાજસ્થાન તરફથી આવતા તમામ વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું.

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હા. ૪૮ પર આવેલી સંવેદનશીલ રતનપુર-ગોઠવી વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર હાઈ એલર્ટના પગલે તમામ આંતરરાજ્ય સરહદ પર પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતું.

## જુના ડીસામાં ટી - ટ્વેન્ટી ક્રીકેટ મેચ પર સટ્ટો રમાડતા ત્રણ બુકી ઝડપાયા

**૧૯ મોબાઈલ અને મોટરસાયકલ સહિતનો મુદ્દામાલ જપ્ત : જગ્યા ભાડે આપનાર સામે પણ ગુન્હો દાખલ**

ડીસા રૂરલ પોલીસે રવિવારે રાત્રે જુનાડીસામાં ક્રિકેટનો સટ્ટો રમાડતા ત્રણ શખ્સોને ઝડપી લીધા છે.



જિલ્લા પોલીસ અધિક્ષક પ્રદિપ સેજુલ તથા નાયબ પોલીસ અધિક્ષક ઋષિકેશ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન અને જુગારની બદી નાબુદ કરવા ડીસા રૂરલ પો.ઈન્સ. એમ.જે.ચૌધરીએ ખાનગી બાતમીના આધારે અ.હે.કો રમેશભાઈ ચૌધરી, પો.કો. અશોકભાઈ, પો.કો. શિવરામભાઈ, પો.કો વિષ્ણુભાઈ, ડ્રા.પો.કો ગણપતજી તથા ગોવિંદસીહ સાથે જુના ડીસા ગામની સીમમાં આવેલ ખેતરમાં પતરાના ખુલ્લા શેડ નીચે ખુલ્લામાં લાઈટના અજવાળે ત્રણ ઈસમો ટી.વી. પર જીવંત પ્રસારણ જોઈ ફોન ઉપર બુકીઓએ આપેલ મેચના ભાવતાલ નક્કી કરી સટ્ટો રમાડતા (૧) રાજુ જુના ઉર્ફે રાજુ માળી ઉર્ફે રાજુભાઈ લાલાભાઈ ટાંક (રહે.હાલ, મકાન નં. એફ/૯, સત્યમ શીવ સુંદરમ સોસાયટી, નવા ડીસા, મુળ રહે. રામજી મંદીર પાસે, જુનાડીસા) તથા તેના મળતીયા માણસ સચીન મનુભાઈ પરમાર માળી (રહે. સાંઈનાથ સોસાયટી, વીરેન પાર્કની પાછળ, ડીસા તથા જતીન ઉર્ફે રવી રાજુભાઈ માળી (રહે.ઘર નં. ૦૬, ધરતી રેસીડન્સી, પીનાક પેટ્રોલપંપની બાજુમાં, ડીસા) ગઈરાત્રે ભારત તથા ઓસ્ટ્રેલીયા વચ્ચે રમાતી ટી-ટવેન્ટી ક્રિકેટ મેચનું ટીવી પર લાઈવ પ્રસારણ જોઈ ગ્રાહકો તથા બુકીઓ સાથે વાતોચીત કરી શેશન તથા મેચના ભાવ કરી હાર જીતના પરીણામ અંગે મોબાઈલ ફોનથી ક્રિકેટ મેચનો સટ્ટો રમાડતા ઝડપાઈ ગયા હતા.રેઈડ દરમ?યાન પોલીસે આ ઈસમો પાસેથી ૩૩૫૦ રૂપિયાની રોકડ,૨૨,૫૦૦ રૂપિયાની કિંમતના ૧૯ નંગ મોબાઈલ તેમજ લેપટોપ, કી બોર્ડ, ટી.વી., સેટઅપ બોક્ષ,મોબાઈલ ફોનના ચાર્જર, રેકોર્ડર, ટેબલ, એક મોટર સાયકલ મળી કુલ ૭૪૭૦૦ રૂપિયાની કિંમતનો મુદામાલ જપ્ત કરી આ ગુન્હાહિત પ્રવૃત્તિ માટે પોતાની માલિકીની જગ્યા ભાડાથી આપનાર તેમજ ઈસમો તેમજ બુકીઓ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.